મહાનગરપાલિકા/નગરપાલિકાઓ માટે
<u>અનુદાનના ધોરણો નક્કી કરવા બાબત.</u>

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જીઆઇએ/૧૧૮૯/૫૪૩૪/૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 23/2/90

<u>વંચાણમાં લીધા :-</u>

(૧) પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીઆઇએ/૧૦૭૬/૧૬૮૩/પી(૧) તા.૧/૧૧/૧૯૭૭.
(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક:મવલ/૭૦૮૭/૫૯૮/પી, તા.૬/૪/૧૯૮૭.
(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીઆઇએ/૧૦૮૭/૪૨૯૮/૨, તા.૧૫/૯/૧૯૮૭.
(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક:મવલ/૭૦૮૭/૫૯૮/૨, તા.૧૫/૯/૧૯૮૭.
(૫) ઉચ્ચ કક્ષાની સમિતિનો આખરી અહેવાલ.
(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીઆઇએ/૧૧૮૮/૪૪૧૬/૨, તા.૧૮/૧૦/૧૯૮૮.
(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીઆઇએ/૧૧૮૮/૪૪૧૬/૨, તા.૧૫/૧૧/૮૯.
(૮) સત્તાધિકૃત સમિતિએ તા.૨૬/૧૨/૮૯ ના પત્રથી રજુ કરેલ અહેવાલ.

<u>આમુખ :-</u>

ગુજરાત રાજ્યની શહેરી સ્થાનિક સંસ્થાઓના આર્થિક પ્રશ્નો તપાસવા અને શહેરી સ્થાનિક સંસ્થાઓને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતા વિવિધ અનુદાનોના ધોરણોમાં સુધારા વધારા કરવા માટે ઉપર ક્રમાંક (૨) માં જણાવેલ ઠરાવથી નાણા વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ. ઉચ્ચ કક્ષાની સમિતિએ વચગાળાનો અહેવાલ જુલાઇ, ૧૯૮૭ માં રજૂ કરેલ. ઉચ્ચ કક્ષાની સમિતિનો વચગાળાનો અહેવાલની ભલામણોને વિચારણામાં લઇને રાજ્ય સરકારે ઉપર ક્રમાંક (૩) અને (૪) માં દર્શાવેલ ઠરાવોથી મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને આપવામાં આવતા અનુદાનોના ધોરણોમાં સુધારા કરેલ. ઉચ્ચ કક્ષાની સમિતિએ આખરી અહેવાલ ઓગષ્ટ-૧૯૮૮ માં સરકારશ્રીમાં રજૂ કરેલ. ઉચ્ચ કક્ષાની

સમિતિની ૨૦ (વીસ) ભલામણો પરત્વે નિર્ણય લેવા માટે ઉપર ક્રમાંક: ૬ માં દર્શાવેલા ઠરાવથી સત્તાધિકૃત સમિતિની રચના કરવામાં આવેલ. ત્યાર બાદ ઉચ્ચ કક્ષાની સમિતિની ૨૦ (વીસ) ભલામણો નહી પરંતુ તમામ ભલામણો પરત્વે નિર્ણય લેવાની બાબત સત્તાધિકૃત સમિતિને સોંપવામાં આવેલ. સત્તાધિકૃત સમિતિએ ઉચ્ચ કક્ષા સમિતિની તમામ ભલામણોને ઉંડાણથી અને વિશદ રીતે અભ્યાસ કરીને અહેવાલ ડીસેમ્બર-૧૯૮૯ માં રજૂ કરેલ. સત્તાધિકૃત સમિતિએ પોતાના અહેવાલમાં કરેલી ભલામણો અંગે રાજ્ય સરકાર યોગ્ય અને પૂરતી વિચારણા કર્યા પછી નીચે મુજબના અનુદાનો આપવા અંગે નિર્ણય કર્યો છે.

ઠરાવ :-

નીચેની સામાન્ય શરતોને આધીન રહીને મહાનગરપાલિકા/નગરપાલિકાઓને આપવામાં આવતી કેટલાક અનુદાનોના ધોરણોમાં સુધારા વધારા કરવાનો નિર્ણય રાજ્ય સરકારે સત્તાધિકૃત સમિતિની ભલામણોને આધારે લીધેલ છે. જ્યારે બાકીના અનુદાનો પ્રવર્તમાન ધોરણોએ ચૂકવવાના ચાલુ રહેશે.

(૨) સામાન્ય શરતો:-

(ક) મહાનગરપાલિકા/નગરપાલિકાઓએ સરકારશ્રીએ વખતો વખત અખત્યાર કરેલી નીતિ અપનાવવાની રહેશે. જો મહાનગરપાલિકા/નગરપાલિકા રાજ્ય સરકારની નીતિનો અમલ ન કરે તો રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ ઘટાડી શકાશે અથવા તો બંધ કરી શકાશે.

(ખ) મહાનગરપાલિકા/નગરપાલિકાઓને આપવામાં આવતી સહાયક ગ્રાન્ટની રકમમાંથી સરકારશ્રીના બાકી નીકળતાં લેણાં પેટે અથવા પંચાયતને તેમજ બીજી અર્ધસરકારી સંસ્થાઓને મહાનગરપાલિકા/ નગરપાલિકાઓ તરફથી ચૂકવવાની થતી રકમની કપાત સરકારશ્રીની કરી શકશે.

૩. વસ્તી ગણતરી અનુસાર નગરપાલિકાઓનું વર્ગીકરણ.

સને ૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણેની વસ્તી ગણતરી અનુસાર નગરપાલિકાઓનું ક, ખ, અને ગ વર્ગમાં નીચે મુજબ વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

| નગરપાલિકાની વસ્તી | વર્ગીકરણ |
|---|---|
| - એક લાખ ઉપરની વસ્તી | 'ક' વર્ગ |
| - પચાસ હજાર અને એક લાખ વચ્ચેની વસ્તી. | 'ખ' વર્ગ |
| - પચાસ હજાર કરતાં ઓછી વસ્તી | 'ગ' વર્ગ. |

૪. મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓને નીચે જણાવ્યા મુજબના અનુદાનો નીચે દર્શાવેલા ધોરણો અને શરતો પ્રમાણે આપવાના રહેશે.

(અ) પ્રાથમિક શિક્ષણ માટે અનુદાન :-

મહાનગરપાલિકાઓને માન્ય ખર્ચના ૮૦ ટકા અને નગરપાલિકાઓને માન્ય ખર્ચના ૬૫ ટકા ના ધોરણે અનુદાન નીચેની શરતો પ્રમાણે આપવાના રહેશે.

| ક્રમ | સ્થાનિક સંસ્થા દ્વારા શિક્ષણ ઉપકરના માગણા સામે કરાયેલ વસૂલાતનો ટકાવારી | મળવાપાત્ર પ્રાથમિક શિક્ષણનો ગ્રાન્ટનો ટકાવારી નગરપાલિકા | મહાનગરપાલિકા |
|---|---|---|---|
| ૧. | ૭૦ ટકા થી વધુ વસૂલાત | ૧૦૦ ટકા | ૮૫ ટકા |
| ૨. | ૬૦ ટકા થી ૭૦ ટકા | ૬૫ ટકા | ૮૦ ટકા |
| ૩. | ૬૦ ટકા થી ઓછી | ૬૦ ટકા | ૭૫ ટકા |

ઉપરના આશય માટે મળવાપાત્ર પ્રાથમિક શિક્ષણનો ગ્રાન્ટ એટલે મહાનગરપાલિકા અને નગરપાલિકાના કિસ્સાઓમાં માન્યખર્ચના અનુક્રમે ૮૦ ટકા અને ૬૫ ટકા ગણવાના રહેશે.

(બ) મનોરંજન કરનો ગ્રાન્ટ

રાજ્ય સરકારને પ્રાપ્ત થતી મનોરંજન કરની રકમનો ૩૯ ટકા હિસ્સો મહાનગરપાલિકા/નગરપાલિકાઓને અનુદાન પેટે ચૂકવવામાં આવે છે. તેના બદલે રાજ્ય સરકારને પ્રાપ્ત થતી મનોરંજન કરની રકમનો ૫૦ ટકા હિસ્સો મહાનગરપાલિકા / નગરપાલિકાઓને અનુદાન પેટે ચૂકવવાનો રહેશે.

શરતો :-

(૧) રાજ્ય સરકાર મનોરંજન કરની આવકનો ૫૦ ટકા હિસ્સો ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડને હવાલે મુકશે.

(૨) રાજ્ય સરકારે નક્કી કરેલા માપદંડો અને ધોરણોને આધારે ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ મહાનગરપાલિકા/નગરપાલિકાઓને ગ્રાન્ટની ફાળવણી કરશે.

(૩) વધારાની ૨૦ ટકા રકમ પૈકીના ૧૦ ટકા રકમ માટે ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ શહેરી ગરીબોના વિકાસ/ કલ્યાણ માટેની નક્કર યોજનાઓ તૈયાર કરીને અને સરકારશ્રીની મંજુરી બાદ તેનો અમલ કરશે.

(ક) <u>પગાર ભથ્થા વિભાયક અનુદાન:-</u>

હાલ નગરપાલિકાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થા પેટે સહાયક અનુ અનુદાન આપવામાં આવે છે. ઉક્ત ગ્રાન્ટ રદ કરીને સરકારશ્રીએ પગાર ભથ્થા વિભાયક અનુદાન આપવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ગ્રાન્ટ નીચે દર્શાવેલ ધોરણે ચૂકવવામાં આવશે.

નગરપાલિકાએ આગળના નાણાકીય વર્ષમાં તેમના મંજુર થયેલા મહેકમ માટે કરેલ પગાર, મોંઘવારી ભથ્થુ, ઘરભાડા ભથ્થુ તથા સ્થાનિક વળતર ભથ્થુના સરવાળાના ૩૩ ૧/૩ ટકા ની ગ્રાન્ટ નીચે મુજબ મિલકતવેરાની ટકાવારીને ધ્યાનમાં લઈને ચૂકવવાનો રહેશે અને તે પ્રમાણે સપ્રમાણ ગ્રાન્ટ મળશે.

| વાર્ષિક ભાડા કિંમતના ધોરણે નાખેલ મિલકત વેરાની ટકાવારી | એકત્રિત વેરાની ટકાવારી ૨. | ગ્રાન્ટ પ્રમાણ ૩ | મળવાપાત્ર ગ્રાન્ટની ટકાવારી ૪. |
|---|---|---|---|
| ૧. ૧૬ ટકા કે તેથી વધારે | ૧૮ ટકા કે તેથી વધારે | ૩૩ ૧/૩ ટકા | ૧૦૦ ટકા |
| ૨. ૧૨ ટકા કે તેથી વધારે પણ ૧૬ ટકાથી ઓછી. | ૧૪% કે તેથી વધારે પણ ૧૮ ટકાથી ઓછી | " | ૭૫ ટકા |
| ૩. ૮ ટકા કે તેથી વધારે પણ ૧૨ ટકા થી ઓછી | ૧૦ ટકા કે તેથી વધારે પણ ૧૪ % થી ઓછી | " | ૫૦ ટકા |
| ૪. ૮ ટકા થી ઓછી • | ૧૦ ટકા થી ઓછી | " | કાંઈ નહીં. |

ઉપર્યુક્ત ગ્રાન્ટ નીચે મુજબની શરતો પૂર્ણ કરવાની શરતે છુટી કરી શકાશે.

(૧) કુલ પગારમાં મુળ પગાર, મોંઘવારી ભથ્થુ, જ્યાં મળવાપાત્ર હોય ત્યાં ઘરભાડા ભથ્થુ અને સ્થાનિક વળતર ભથ્થાંનો સમાવેશ કરવાનો રહેશે.

(૨) નગરપાલિકાઓના કર્મચારીઓના પગાર ધોરણો ઇજાફાના તબક્કા, મોંઘવારી ભથ્થા તથા સીલેક્શન ગ્રેડ સરકારશ્રીની સબંધિત જગ્યાના પગાર ધોરણો માટે નાણા વિભાગે જાહેર કરેલ પગાર ધોરણોથી વધારે હોવા જોઈએ નહીં અને જગ્યાઓ ઉભી કરવા માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૩) સરકારશ્રીના નિયમો મુજબ નિવૃત્તિ વય મર્યાદા પછી પુન: નિયુક્તી પામેલ કર્મચારીઓના પગાર ભથ્થા વિષયક ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે. નહીં.

(૪) એવોર્ડ કે સમાધાન દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ નગરપાલિકાએ મેળવેલ જગ્યા અને પગાર ધોરણ સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હશે તો પણ ગ્રાન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૫) જે મહેકમ માટે સરકારી અનુદાન અન્યથા મળતુ હોય અને જે મહેકમ માટે ફી ઉઘરાવવામાં આવતી હોય તે મહેકમના પગાર ભથ્થા માટે ગ્રાન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૬) વીજળી ઉપક્રમ, વાહનવ્યવહાર ઉપક્રમ જેવા વાણિજ્ય પ્રવૃત્તિને લગતા મહેકમ માટે આ ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે નહીં.

(૭) નવી રચાયેલ નગરપાલિકાને તેની રચનાની તારીખ ૩ વર્ષ માટે મળવાપાત્ર પુરેપુરી ગ્રાન્ટ આપવાની રહેશે.

(૮) મિલકતવેરાની ટકાવારી માટે ફક્ત ' મકાન વેરા ' ની ગણતરીને ધ્યાનમાં લેવાની રહેશે અને તે બાબતેનું ' પ્રમાણપત્ર ' સમાહર્તાશ્રીનું મેળવીને રજૂ કરવાનું રહેશે સદરહું પ્રમાણપત્ર .મકાન વેરાની ટકાવારી બદલાય નહી ત્યાં સુધી ફરી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે નહીં.

(૯) જે નગરપાલિકાઓ સુપરત થયેલી પ્રવૃત્તિ તરીકે શિક્ષણ અથવા આરોગ્ય વિષયક સંસ્થાઓ જેવી સેવાઓ નિભાવતી હશે તેવા કિસ્સામાં આવી પ્રવૃત્તિઓ માટેની ગ્રાન્ટ સબંધિત વિભાગ પાસેથી મેળવવાની રહેશે.

(૧૦) પગાર ભથ્થા વિષયક ગ્રાન્ટ હવેથી નીચે મુજબ ૩ હપ્તામાં સમયસર દરખાસ્ત રજૂ કરનાર નગરપાલિકાને ચૂકવવામાં આવશે. દરેક નગરપાલિકા ઓએ પાછલા વર્ષની ખર્ચની વિગતો બીજા વર્ષના મે મહીના સુધીમાં ગ્રાન્ટ મેળવવા માટે ગ્રાન્ટના નિયંત્રણ અધિકારીને રજૂ કરવાની રહેશે.

| | |
|---|---|
| ઓગષ્ટ માસ | મળવાપાત્ર ગ્રાન્ટના ૩૦ ટકા લેખે પ્રથમ હપ્તો |
| ઓકટોબર માસ | ૩૦ ટકા લેખે બીજો હપ્તો |
| માર્ચ માસ | ૪૦ ટકા લેખે ત્રીજો અને છેલ્લો હપ્તો. |

૫. આ ઠરાવનો અમલ તારીખ:૧/૪/૯૦ થી કરવાનો રહેશે.

૬. સને ૧૯૯૦-૯૧ ના અંદાજપત્રમાં આ માટે કરવામાં આવેલી જોગવાઇઓમાંથી અથવા પુર્નવિનિયોગ દ્વારા અથવા જોગવાઇ કરેલી રકમ ઓછી પડતી હોય તો પૂરક માંગણી મેળવીને અથવા અંદાજપત્રમાં કોઇ જોગવાઇ કરવામાં આવી ન હોય

એવા કિસ્સામાં રાજ્યના આકસ્મિક ખર્ચ ફંડમાંથી જરૂરી રકમ મેળવીને ઉપર્યુક્ત જુદી જુદી બાબતો અંગે તે હેઠળ દર્શાવેલ દરોએ સહાયક ગ્રાન્ટ આપવી. સહાયક ગ્રાન્ટ અંગેનું ખર્ચ સબંધ ધરાવતા સદર ઉપરાંત એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય સાથે સબંધિ વિભાગોના પરામર્શ વડે ખોલાનાર નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓને આપવામાં આવતા સહાયક ગ્રાન્ટના વિગતવાર સદર હેઠળ ઉધારવું.

૭. આ ઠરાવમાં દર્શાવેલ ગ્રાન્ટના સબંધિત વિભાગે આગળની કાર્યવાહી આ વિભાગની જાણ હેઠળ તાત્કાલિક કરવાની રહેશે.

૮. આ હુકમ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૪૪ અને પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૨૬-અ માં કરવામાં આવેલ જોગવાઇઓને અનુસરીને કરવામાં આવે છે.

૯. આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંક:જીઓઇએ/૧૧૮૯/૮૧૯/ર, પર શિક્ષણ વિભાગની તા.૪/૧૦/૮૯ ની નોંધથી મળેલ સંમતિ અને સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૭/૯૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
( એસ.જી.શાહ )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,

- ગુજરાતના રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
- મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- બધા મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- બધા સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
- સચિવાલયના બધા વિભાગો.
- કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
  ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર-૫ જુના સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨, જુના સચિવાલય, ગાંધીનગર.
- મનોરંજન કર કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬ , જુના સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ.
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ(વધારાની -૧૦ નકલો સાથે ).
- મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, રાજકોટ. ( વધારાની ૧૦ નકલો સાથે )
- પ્રમુખશ્રી / વહીવટદારશ્રી, સર્વે નગરપાલિકાઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી, મહાનગરપાલિકાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય ઓડીટ-૧, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય ઓડીટ-૨, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય(એકાઉન્ટ એન્ડ એન્ટાઈટલમેન્ટસ) અમદાવાદ/રાજકોટ.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ, આણંદ જિ.ખેડા
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ બહોળી પ્રસિધ્ધી માટે
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઈલ.
- મદદનીશ પસંદગી ફાઈલ.

ગાંવિત.